માલેતુજાર હોસ્પિટલના સત્તાધીશો સમક્ષ નગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્ર લાચાર

મોતીપુરા વિસ્તારમાં રહેણાંક એકમો વચ્ચે આવેલી આવિષ્કાર હોસ્પિટલ સંકુલમાં ગેસ પ્લાન્ટ થી અવાજ અને હવાના પ્રદૂષણથી સ્થાનિક રહીશો ત્રાહિમામ : સ્થાનિક રહીશો દ્વારા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય : લોકોમાં ભારે રોષની લાગણી

બાયડ તા.૩

હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં કવિશ્રી ઉમાશંકર જોશી ઓવરબ્રિજના છેડે આવેલી પ્રતિષ્ઠિત હોસ્પિટલ આરોગ્યલક્ષી સેવાઓ સહિત અન્ય કારણોસર અવારનવાર ચર્ચાનું કેન્દ્ર બનતી હોય છે ત્યારે આજે એક વધુ ના સંકુલમાં હોસ્પિટલ દ્વારા ઉભા કરવામાં આવેલા ગેસ પ્લાન્ટ ની કારણે અવાજ તેમજ હવાના પ્રદૂષણની ગંભીર સમસ્યા વકરી હોવાના મુદ્દે હિંમતનગર નગરપાલિકા તંત્ર અને જિલ્લા કલેક્ટર હિતેશ કોયાને આવેદનપત્ર પત્ર આપી ગેસ પ્લાન્ટ અન્ય સ્થળે ખસેડવા માટે માગણી કરવામાં આવી છે

હિંમતનગર નગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નંબર-૬ ના મોતીપુરા વિસ્તારમાં આવેલી હોસ્પિટલ દ્વારા ઉભા કરવામાં આવેલા ગેસ પ્લાન્ટને પગલે માથાના દુખાવારૂપ અવાજ અને હવાના પ્રદૂષણની ગંભીર સમસ્યા ઉભી થતા હોસ્પિટલના આજુબાજુના રહેણાંક વિસ્તારની સોસાયટીઓના સ્થાનિક રહીશો દ્વારા હિંમતનગર નગરપાલિકા તંત્ર અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રહેણાંક એકમની વચ્ચે ચાલતા આ ગેસ પ્લાન્ટ ની સ્થળ ફેરફાર કરાવવા માટે માંગ કરવામાં આવી છે વધુમાં

આજુબાજુના સ્થાનિક રહીશો દ્વારા ૨૮ નવેમ્બર ૨૦૨૧ તેમજ ૦૪ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ઉપરોક્ત મુદ્દે નગરપાલિકા તંત્ર

અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય જ જોવા મળતા લોકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. હિંમતનગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નંબર-૬ ની મોતીપુરા વિસ્તારની પૃથ્વી નગર, નિજાનંદ નગર સહિતની રહેણાંક સોસાયટીના સ્થાનિક રહીશો દ્વારા હોસ્પિટલમાં ગેસ પ્લાન્ટ ની કારણે અવાજ તેમજ હવાના પ્રદૂષણની ગંભીર સમસ્યાઓને બાબતે હિંમતનગર નગરપાલિકા તંત્ર તથા જિલ્લા કલેકટર હિતેશ ખોયાની આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર હોસ્પિટલ દ્વારા રહેણાંક ીર્ઝ ની વચ્ચે ગેસ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યું છે આ ગેસ પ્લાન્ટ રાત દિવસ સતત ચાલુ રહે છે જેથી આજુબાજુના રહીશો ની માનસિક તણાવ અનુભવી રહ્યા છે તેમજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ બીમાર વ્યક્તિ તથા ઓછી ઊંઘ આવતા વૃદ્ધ વ્યક્તિઓને અવાજ પ્રદુષણ ની ગંભીર સમસ્યાનો ભોગ બનવું પડે છે આવો પ્લાન્ટ ઔદ્યોગિક વિસ્તારમાં હોવો જોઈએ એના બદલે રહેણાક વિસ્તારમાં ઉભો કરવામાં આવે છે જે ઘણી ગંભીર બાબત છે જેથી સરદાર પ્લાન્ટ સ્થળ ફેરફાર કરવા નગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત કરવામાં આવી છે.

ડોક્ટર અરવિંદ પટેલ શું કહે છે ?

ઊભા કરવામાં આવેલા ગેસ પ્લાન્ટ મુદ્દે ડોક્ટર અરવિંદભાઈ પટેલ સાથે થયેલી ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન સરકારી તંત્રની રજૂઆત બાદ ઓક્સિજનને લગતી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો હતો

જન્મદિને વધામણી

મનીષ કુમાર જગદીશભાઈ પટેલ
એડવોકેટ, ગુજરાત હાઇકોર્ટ
અમદાવાદ (બાયડ)

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

શ્રી એસ.વી.ટી. આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ, ઉજળેશ્વરમાં 'ડે સેલિબ્રેશન' ની ઉજવણી

બાયડ તા.૩

મહાશાળાઓમાં અભ્યાસની સાથે સાથે વિવિધ સહાભ્યાસિક પ્રવૃત્તિઓ,'ડે સેલિબ્રેશન', 'રમતોત્સવ' વગેરેનું આયોજન કરવામાં આવે છે. તેમાંય વિવિધ પ્રકારના 'ડે સેલિબ્રેશન' માં વિદ્યાર્થીઓની ક્ષમતાઓનો પરિચય થાય છે.શ્રી એસ.વી.ટી.આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ, ઉજળેશ્વર,ધનસુરા ખાતે પાંચ દિવસ માટે 'ડે સેલિબ્રેશન' ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બ્લૅક ડે, ઈજર્ડ ડે, ગ્રુપ ડે તેમાંય મહેંદી, વાનગી, રંગોળી, વેસ્ટ માંથી બેસ્ટ જેવી વિવિધ પ્રકારની સ્પર્ધાઓઓનું આયોજન કરવામાં આવ્યું હતું.છેલ્લા દિવસે ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી એમ.કે.મિર્ઝા તથા જાહિદભાઈ , કેમ્પસ ડાયરેક્ટર શ્રી આકાશભાઈ ગોસ્વામી, પીજીડીસીએ કોલેજના આચાર્ય શ્રી ભૌમિકભાઈ કોઠારી,કોલેજના આચાર્ય શ્રી ડૉ. ભાવેશભાઈ પાટીલ વગેરે એ હાજર રહી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આખા કાર્યક્રમને સુચારુ સફળ બનાવવા માટે અધ્યાપક મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રાંતિજ શહેર તાલુકા ભાજપની મંડલ પ્રશિક્ષણ વર્ગ યોજાયો

બાયડ તા.૩

હિંમતનગર શહેરના સ્વામિનારાયણ મંદિર કાંકણોલ ખાતે ભારતીય જનતા પક્ષ દ્વારા પ્રાંતિજ શહેર અને તાલુકા નો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો જેમાં વિવિધ વકતાઓએ અપેક્ષિત કાર્યકરોને માર્ગદર્શન આપેલ જેમાં પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ ભાજપ નો ઇતિહાસ અને વિકાસ ઉપર, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે આપણી કાર્યપદ્ધતિ સંરચનામાં આપણી ભૂમિકા, જીલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરે શક્તિ

કેન્દ્ર અને માં કરવાના કાર્યક્રમો વિશે, અશ્વિનભાઈ પટેલે આજની વૈચારિક મુખ્યધારા આપણી વિચારધારા, વી.ડી. ઝાલાએ કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓ, જ્યારે જિલ્લા સંગઠન પ્રભારી રેખાબેન ચૌધરીએ સમાપન પ્રસંગે જણાવેલ કે, પ્રાંતિજ શહેર મંડલ ની પ્રશિક્ષણ વર્ગ માં ૨૦૧૪ પછી નું બદલાયેલું ભારત. વંશવાદ- કુટુંબવાદ અને ગઠબંધન સરકાર નો અંત આવ્યો અને આઝાદી પછી મા ભરતી ને પરમ વૈભવ માટે ના ધ્યેય સાથે બહુમતી થી સાંસદમાં ભારત માતા કી જય નો જયગોષ.

રેખાબેન ચૌધરીએ વધુમાં જણાવેલ કે, અંત્યોદય અને એકાત્મ માનવ દર્શન ની વિચારધારા સાથે ચાલતી ભારતીય જનતા પાર્ટી ના સાશન માં પહેલે શૌચાલય બાદ મે દેવાલય ને પ્રાધાન્ય આપવામાં આવ્યું. જે અંતરિયાળ વિસ્તારમાં વીજળી નહતી ત્યાં પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના હેઠળ એલ.ઈ.ડી. બલ્બ અને ટયુબ અપાયા. માતા બહેન ના સ્વાસ્થ અને સમય ની ચિંતા કરી મફત ગેસ આપવા મા આવ્યા. પ્રધાનમત્રી મુદ્રા યોજના, સ્ટાર્ટ અપ, મેક ઈન ઈન્ડિયા નો વ્યાપ વધારવા માં આવ્યો.

રેખાબેન ચૌધરીએ વધુમાં જણાવેલ કે, સુખ શાંતિ સલામતી સાથે આંતકવાદ નો ખાત્મો સર્જીકલ અને એર સ્ટ્રાઈક કરી સબળ નેતૃત્વ નો પુરાવો ભારત ને મળ્યો. આર્ત્મનિભર ભારત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ શ્રી નું આગવું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. કોરોના મહામારી માં અગાઉ ની સરકારે આરોગ્ય ક્ષેત્ર પપ વર્ષ કઈ નહિ કર્યા નું પોલ ખુલ્યું. આજે આરોગ્ય અને સંરક્ષણ ક્ષેત્રે દેશ પી.પી.ઈ.કીટ, માસ્ક, ઓકસીજન માટે આર્ત્મનિભર બન્યો. ૧૦૮ સંરક્ષણ ક્ષેત્રે આયાત બંધ કરી દેશી ભારતીય બનાવટ ના હેનડગ્રેનેડ. મિસાઈલ, ટોપ બનાવવા શરૂ થયા. ફૂડ અંગે ની સમસ્યા માટે ઈલેક્ટ્રીક વાહનો નો વ્યાપ વધારવા પગલાં ભરવામાં આવી રહ્યા છે. આમ ૨૦૧૪ પછી સામાજિક, શૈક્ષણિક, વેપારિક, આંતરરાષ્ટ્રીય વેપાર, સંરક્ષણ, આંતકવાદ મુક્ત ભારત, આરોગ્ય ક્ષેત્ર, યુવાનો, મહિલા, શહેર, ગામડા, લગુમતી, આદિવાસી, સવર્ણો નો સર્વાંગી વિકાસ માટે નો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે. ભારત મેક ઈન ઈન્ડિયા થી મેક ફોર વર્લ્ડ ની ભૂમિકા માં આવી ગયો. ભારત દેશ વિશ્વગુરુ બની રહ્યો છે. આવનારા બે દાયકા સુધી નો રોડ મેપ તૈયાર થઈ ગયો છે.

આ પ્રસંગે મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર પણ હાજર રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના માઝુમ ડેમમાંથી શિયાળુ પાક માટે પાણી છોડવામાં આવ્યું

ધનસુરા, તા. ૩

અરવલ્લી જિલ્લા ના માઝુમ ડેમમાંથી શિયાળુ પાક માટે પાણી છોડવામાં આવ્યું છે ધનસુરા તાલુકાના શીકા નજીકથી પસાર થતી માઝુમ ડેમ ની કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે પાણી છોડાતા ધનસુરા અને મોડાસા તાલુકાના ૧૭ જેટલા ગામ ના ખેડૂતો ને રવિપાક માં ફાયદો થશે અરવલ્લી જિલ્લામાં શિયાળા ની શરૂઆત બાદ ખેડૂતો એ અત્યાર સુધી રવિ પાકની મોટા પ્રમાણ માં વાવણી કરી છે એવામાં માઝુમ ડેમ માંથી પાણી છોડાતા ધનસુરા અને મોડાસા તાલુકાના શીકા, કોલીખડ, ભેંસાવાડા, શીકાકંપા, રહિયોલ અને અંતિસરા સહિતના ૧૭ જેટલા ગામ ના ખેડૂતોને રવિ પાક માં લાભ થશે જિલ્લામાં ખેડૂતો એ આ વખતે શિયાળુ પાકમાં ઘઉ, બટાકા, ચણા સહિતના પાકોનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે એવામાં કેનાલમાં પાણી છોડાતા ખેડૂતોને ફાયદો થશે.

પ્રાંતિજ ખાતે નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પ યોજાયો

પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકોએ કેમ્પનો લાભ લીધો

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પ યોજાયો હતો જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી મોટી સંખ્યામા લોકોએ લાભ લીધો હતો

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિર ખાતે જિલ્લા અંધત્વ નિયંત્રણ સમિતિ-અરવલ્લી તથા શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલ મેઘરજ આયોજિત પ્રાંતિજ ખાતે મફત નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પ યોજાયો હતો જેમા સમગ્ર કેમ્પ નુ આયોજન મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળા પ્રાંતિજ તથા પોગલુ ખાતે આવેલ લેવિન કંપની તથા

જાયન્ટસ ગ્રુપ ઓફ પોગલુ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે દિપ પ્રાગટય કરી કેમ્પ ને ખુલ્લો મુકવામા આવ્યો હતો તો આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એ. એચ. સોલંકી, લેવિન કંપનીના માલિક ભરતભાઈ પટેલ, જતીનભાઈ પટેલ, ડૉ.એન.કે.ડેરિયા, મહંત સુનિલદાસજી મહારાજ, હાર્દિક બ્રહ્મભટ્ટ, અનુજ પટેલ, કુલદીપ પટેલ, સંદિપ શાહ, મિલન ઉપસ્થિત રહ્યા હતા તો ડૉ.બી.પી. બામણીયા તથા ડૉ.મોસમીન બગા દ્વારા કેમ્પ આવેલ દર્દીઓ ની આંખોની તપાસ કરવામા આવી હતી તો મોતીયાના દર્દીઓને મેઘરજ ખાતે આવેલ શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે મોતીયાનુ મફત ઓપરેશન કરવામા આવશે અને દર્દીઓ તથા સાથે રહેલ વ્યકિત ને પણ ભોજન આપવામા આવશે તો નેત્રમણી પ્રત્યારોપણ કેમ્પ મા પ્રાંતિજ સહિત તાલુકા માથી મોટી સંખ્યા મા લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો.

બનાસ ડેરી ખાતે

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ.ગલબાકાકાની ૪૯મી પુણ્યતિથિ પ્રસંગે પુષ્પાંજલી કાર્યક્રમ

પાલનપુર,તા. ૩

બનાસડેરીના આદ્યસ્થાપક બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકોના મસીહા સમાન સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલને તેમની ૪૯ મી પુણ્યતિથિ પ્રસંગે બનાસડેરી પ્રાંગણમાં આવેલી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

બનાસડેરીના ઈ. મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં બનાસ પરિવારના ભાઈ-બહેનોએ સ્વ. ગલબાકાકાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. શ્રી ચૌધરીએ સ્વ. ગલબાકાકાના સંસ્મરણોને યાદ કરીને જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો માટેની તેમની ભગીરથ સેવાઓને બિરદાવી હતી.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જિલ્લાના દૂધ ઉત્પાદકો અને પશુપાલકોને સંદેશ આપતા જણાવ્યું છે કે બનાસ રત્ન સ્વ. ગલબાકાકાનું જીવન ઋષિતુલ્ય હતું. જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો માટે તેમણે આપેલી સેવાઓ માટે જિલ્લો સદાય તેમનો ઋણી રહેશે.

ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા આંખોના રોગોનું નિદાન અને ચતુર્થ વર્ષગાંઠ નિમિત્તે સ્નેહમિલન/સન્માન સમારોહ યોજાયો

ભિલોડા, તા.૦૩

ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો.ચતુર્થ વર્ષગાંઠ નિમિત્તે સ્નેહ મિલન અને સન્માન સમારોહ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

માતૃશ્રી એચ.જે.બારોટ, મઉં, હાઈસ્કૂલ પરિસરમાં અંધજન મંડળ, સમતા વિકાસ ટ્રસ્ટ, નવલભાઈ અને હિરાભાઈ આંખની હોસ્પિટલ બારેજાના સહયોગથી ઉદય સેવા સંસ્થાન, ભિલોડા દ્વારા આંખોના રોગોનું નિઃશુલ્ક તપાસ કેન્દ્રની ચતૃર્થ વાર્ષિક તિથિ નિમિત્તે દાતા કેતનભાઈ સુરેશચંદ્ર શાહ પરીવારના લાભાર્થે મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૨૭૦ થી વધુ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન ૫૦ દર્દીઓને મોતિયો હોય આગામી ગુરૂવારે સંસ્થા દ્વારા બારેજા ખાતે ઓપરેશન માટે લઈ જવામા આવશે.કેમ્પમાં ફ્રેન્ડ્ઝ ઓફ અરવલ્લીના સહયોગથી સાંભળવાની ક્ષમતા ચકાસવામા આવેલ દર્દીઓએ મોટા પ્રમાણમા લાભ લીધો હતો. આંખોના નંબરવાળા ચશ્માના સમારંભ અધ્યક્ષ ચંદ્રકાંતભાઈ બારોટ દ્વારા દાન મળ્યું હતું.

કાર્યક્રમમાં અમદાવાદ થી મુખ્ય દાતા કેતનભાઈ સુરેશચંદ્ર શાહ, ચંદ્રકાંતભાઈ બારોટ, બિપીનભાઈ જે.ભટ્ટ - નિવૃત અધિક કલેકટર, શ્રી નવરચના પ્રગતિ મંડળ,મઉ ના ઉપ પ્રમુખ ભુપેન્દ્રસિહ ચંપાવત, મંત્રી ભરતભાઈ સુથાર, શ્રી અર્બુદા સેવા સંઘ,ભિલોડાના સંચાલક દામુભાઈ પટેલ, ચિઠોડા પી.એસ. આઈ એમ.એચ. પરાડીયા,જશુભાઈ મીઠાવાળા, આચાર્ય વિષ્ણુંભાઈ પી.પટેલ,સામાજિક કાર્યકર રામઅવતાર શર્મા,મુકેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્ર ભાટિયા, વલકેશ પટેલ, રોહિત પટેલ,રાજેન્દ્ર સોની, બિપીન પ્રજાપતિ,સુરેશ પ્રજાપતિ,જે.પી.શર્મા, કમલેશ પટેલ, શંકર નિનામા, કિરીટ પંચાલ સહિત સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

ધાનેરા તાલુકો વર્ષોથી રાયડાના વાવેતરમા નંબર વન છે. શિયાળા તુ દરમિયાન ધાનેરા તાલુકામા સૌથી વધારે રાયડાનું વાવેતર થાય છે.સમગ્ર ગુજરાત રાજ્યમા રાયડાના વાવેતર અને ઉત્પાદનમા ધાનેરા તાલુકો આગળ છે. જો કે છેલ્લા દસ વર્ષથી સિંચાઇના પાણી ઓછા થતા હોવા છતાં પણ છેલ્લા ત્રણ વર્ષથી ધાનેરા તાલુકામા રાયડાનું વાવેતર જળવાઈ રહ્યું છે.

પાલનપુરના ચિત્રાસણીમાં મંદિરની દાનપેટી ચોરાઈ

પાલનપુર, તા. ૩

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામે ગોગ મહારાજના મંદિરની દાનપેટી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ચોરી કરી હતી. જે તોડી અંદરથી ગાયોના દાન માટે એકત્ર કરેલી રૂપિયા ૫૦૦૦ની રોકડ રકમ લઈ તૂટેલી દાનપેટી ફેંકી દઈ ફરાર થઈ ગયા હતા. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગૂનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામે ફાર્મહાઉસ ખાતે રહેતા દલજીભાઈ રતુભાઈ ભુતડીયાએ ખેતરમાં ગોગ મહારાજનું મંદિર બનાવ્યું છે.

જુના ડીસામાં પ્રજાપતિ સમાજના બે રેસલરોનું બહુમાન કરવામાં આવ્યું

ડીસા, તા. ૩

ડીસા તાલુકાના જુનાડીસા ગામે પ્રજાપતિ સમાજના યુવાનોના સંગઠન ક્લોઝ પ્રજાપતિ યુવા શક્તિ અને સંતશ્રી મીથીલા બિહારીદાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સમાજના બાહુબલી રેસલર પ્રજાપતિ રવિ અને પ્રજાપતિ શનિનું સાલ, ફુલહાર અને સંતશ્રી મીથીલા બિહારીદાસનો ફોટો આપી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સંતશ્રી મીથીલા બિહારીદાસ બાપુની જગ્યામાં આયોજિત સન્માન સમારોહ પ્રસંગે સમાજના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સન્માનથી ભાવવિભોર બનેલા રેસલર પ્રજાપતિ શનિએ પાટણની જેમ ડીસામાં પણ રેસલિંગની ફાઈટ યોજવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રેસલર પ્રજાપતિ રવિ રેસલર ધ ગ્રેટ ખલીનો શિષ્ય છે અને તેણે દેશ વિદેશમાં અનેક રેસલિંગની ફાઈટ જીતી છે.

રાજય સરકાર દ્વારા ૩ જી જાન્યુઆરીથી સમગ્ર રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોને કોરોના સામે સુરક્ષા કવચ પુરૂ પાડવા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લામાં જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશની પ્રેરણા અને માર્ગદર્શનથી ૧૫ થી ૧૮ વય જૂથના ૩૦,૦૦૦ બાળકોને અંદાજિત ૨૨૬ શાળા ખાતે વેક્સિન આપવાનું આયોજન થયું હતું.